# ચિત્શક્તિ વિલાસ

## સ્વામી મુક્તાનંદ

અહીંયાં એક સત્ય વાત કહેવા ઇચ્છું છું જેને કારણે ધ્યાનના ઉપાસક દઢ નિષ્ઠાવાન બને તથા એમના શરીરમાં ચિતિશક્તિના પ્રભાવ અને શ્રીગુરુદેવના પ્રત્યક્ષ અસ્તિત્વની પૂર્ણ આસ્તિક્ય બુદ્ધિ રહે. એ વિચારે કે જેવી રીતે મારું નાક, કાન, આંખ, જીભ અને મોં સત્ય છે તેવી જ રીતે મારી અંદર વ્યાપ્ત શ્રીગુરુ સત્ય છે. પ્રિય સિદ્ધવિદ્યાર્થીઓ! આ વિષયનું સૂક્ષ્મતાથી મનન કરો. શ્રીગુરુમાં અને પારમેશ્વરી અનુગ્રાહિકા શક્તિમાં પાકી નિષ્ઠા રાખો.

જરા વિચાર કરો. જ્યારે એક ડૉક્ટર શરીરના કોઈ એક સ્થાનમાં ઈંજેક્શન આપે છે ત્યારે એ આખા શરીરમાં પ્રત્યક્ષરૂપે ફેલાય છે. તમને કોઈ એવા ઈંજેક્શનનો પણ અનુભવ હશે કે જેના પ્રભાવથી શરીરનું રક્ત તપી જાય છે અથવા જો કોઈ વૈદ્યરાજની નાનીસરખી ગુટિકા ખાય છે તો શરીરનો રોગ નીકળી જાય છે. એનો કેટલો ગુણ છે, એની કેટલી શક્તિ છે જે તમારી નસ નસમાં, શરીરના અણુ અણુમાં ફેલાઈ શકે છે અને ફેલાઈને ત્યાંની બીમારીને દૂર કરી દે છે. આ તો તમારી પ્રત્યક્ષ અનુભૂતિ છે.

ઠીક તેવી જ રીતે સદ્ગુરુ બ્રહ્માનંદરૂપે વિલસતી પરાશક્તિને લઈને, સર્વ અનર્થોના કારણરૂપ અવિદ્યાનો સંહાર કરનારી શક્તિને લઈને તમારી અંદર દીક્ષા દ્વારા પ્રત્યક્ષ યા અપ્રત્યક્ષરૂપે દષ્ટિ, શબ્દ, સંકલ્પ, સહવાસ અથવા કોઈ અંગની સ્પર્શક્રિયા દ્વારા પોતે જ પ્રવેશ કરે છે. પ્રવેશ કરીને સપ્તધાતુમાં સપ્તધાતુમય, સર્વ ઇન્દ્રિયોમાં સર્વ ઇન્દ્રિયમય, પંચકોષોમાં કોષમય, નખશિખાંત તમારી અંદર મૂર્તિમંત થઈને રહે છે. પછી તમને અંદરથી માર્ગદર્શન મળવું, સાક્ષાત્કાર થવો બહુ કઠિન નથી.

એવા ગુરુના જ્ઞાનથી દૂર, પ્રેમથી દૂર, નિષ્ઠાથી દૂર, આજ્ઞાપાલનથી દૂર થવાથી એ પણ દૂર થઈ જાય છે. વસ્તુતઃ એ મૂર્તિમંત થઈને તમારી અંદર ક્રિયાશક્તિના રૂપે રહે છે. તમારી અંદર આ પ્રકારે રહીને, તમારી અંદરથી તમને કંઈક બતાવવું, કંઈ શીખવવું કોઈ આશ્ચર્યની વાત નથી. મુક્તાનંદ એટલું સત્ય કહે છે કે શ્રીગુરુ પૂર્ણપણે તમારા છે, પરંતુ તમે પૂર્ણપણે એમના થયા નથી. તેઓ તમારાથી સહેજ પણ દૂર નથી, તમે જ એમનાથી દૂર છો. આ જ કારણે અંતરના નિત્ય નવીન સાક્ષાત્કારથી તમે થોડા દૂર થઈ જાવ છો.

મારી ગુરુનિષ્ઠા બહુ દઢ હતી. ક્યાંય પણ જાઉં તો મારી પાસે ગુરુનો ફોટો હોવો જરૂરી હતો. ફરવા જાઉં તો સાથે ફોટો, જમવા બેસું તો સાથે ફોટો. સૂતા સમયે પણ ફોટો સાથે લઈને સૂતો. એટલું જ નહીં, સ્નાનગૃહમાં પણ ફોટો રાખતો હતો. લોકો ભલે કંઈ પણ કહે. અસ્તુ.

શ્રીગુરુદેવરૂપ અંતરજ્યોતિથી અથવા પહેલાં મેં જેનું વર્ણન કર્યું છે એ સર્વજ્ઞલોકની સૂચના મળી : ‘અરે મુક્તાનંદ! નીલેશ્વરીનાં દર્શનથી જીવન્મુક્તિ પ્રાપ્ત થવા છતાં પણ, તુરીયાનંદની અનુભૂતિ થવા છતાં પણ, હજુ પૂર્ણ પ્રાપ્તિ બાકી છે. દિવ્ય સાક્ષાત્કાર આ નથી. એના માટે તો તારે હજી વધુ નીલમાં પ્રવેશ કરવો પડશે.’

અંદરથી ચિતિ પારમેશ્વરીનો આ સંદેશ મળ્યો. હું આ આદેશને સત્ય માનીને ધ્યાનને વધારવા લાગ્યો. જેમજેમ ધ્યાન વધ્યું, નીલેશ્વરી પણ વધુ સમય સુધી સ્થિર ઊભી રહેવા લાગી. જેમજેમ એ સ્થિર રહેતી તેમતેમ એનું તેજ વધતું. જેટલો સમય એ સ્થિર રહેતી એટલી જ એની રીતિનીતિ, ચમત્કાર, નવીનતા નવી નવી થતી.

સાચું પૂછો તો શું આ નીલ છે કે શ્રીનીલકંઠ? એ નીલ છે કે નીલ રંગના શ્રીનિત્યાનંદ? એ નીલ છે કે નીલ રંગની નીલેશ્વરી ભવાની ઉમાશક્તિ કુંડલિની? આવી અનંત ભાવનાઓ અંતરમાં ઉમડતી. નીલેશ્વરી હવે નજીક આવવા લાગી.

જેટલો જેટલો નીલ વધતો, એની ચમક વધતી, એટલો એટલો મુક્તાનંદ વધતો, મુક્તાનંદ બદલાતો, મુક્તાનંદ ખુલતો, મુક્તાનંદ સર્વત્ર પ્રસરતો અને સમજતો કે મુક્તાનંદ શું છે. જે જે ગતિ નીલની થતી, તે તે ગતિ મુક્તાનંદની થતી. હવે નીલમાં મારી નિષ્ઠા ઘણી દૃઢ થઈ ગઈ. જે પ્રકારે શરીરના અવયવોમાં ‘એ મારા છે’ અથવા ‘એ હું છું’ એવી પ્રત્યક્ષ નિષ્ઠા થાય છે એવી નીલમાં થઈ ગઈ.

© ૨૦૨૧ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

સ્વામી મુક્તાનંદ, *ચિત્‌શક્તિ વિલાસ* (ચિત્‌શક્તિ પબ્લિકેશન્સ, ૨૦૧૩) પૃષ્ઠ ૧૮૮-૧૮૯